# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ,　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　તા. ૧૭/૦૬/૨૦૧૭

તંત્રીશ્રી,

...............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **છપ્પન–છપ્પન વર્ષ સુધી અટવાયેલી નર્મદા ડેમની યોજના આખરે છપ્પન ઈંચની છાતીએ જ પૂર્ણ કરી : કેન્દ્રિય મંત્રી શ્રી પુરૂષોતમભાઈ રૂપાલાજી**
- **આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિના કારણે "નર્મદા ડેમના દરવાજા બંધ થયા અને વિકાસના દરવાજા ખુલ્યા" : કેન્દ્રિય મંત્રી શ્રી પુરૂષોતમભાઈ રૂપાલાજી**
- **પંડિત જવાહરલાલ નહેરૂએ શરૂ કરેલી યોજના કોંગ્રેસના પાપે વર્ષો સુધી વિલંબિત રહી**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

અનેક પડકારો, અડચણોને પાર કરીને આખરે ગુજરાતના વિકાસની જીવાદોરી સમાન નર્મદા ડેમના દરવાજા બંધ કરવાની પરવાનગી મળતા ગુજરાતની જનતાની લાંબા ગાળાની ઈચ્છા પૂર્ણ થઈ છે. તત્કાલિન પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરૂએ

૧૯૬૧માં શરૂ કરેલી નર્મદા ડેમની યોજના કોંગ્રેસના પાપે ૫૬–૫૬ વર્ષ સુધી પૂર્ણ થઈ શકી ન હતી. ૫૬–૫૬ વર્ષથી અટવાઈ રહેલી નર્મદા સરદાર સરોવર ડેમ યોજના આખરે આપણા ગુજરાતના સપુત અને ૫૬ ઈંચની છાતી ધરાવતા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ પૂર્ણ કરી છે. તેમ કેન્દ્રિય મંત્રી શ્રી પુરૂષોતમભાઈ રૂપાલાજીએ જણાવ્યું હતું.

નર્મદા ડેમના દરવાજા બંધ કરવાની પરવાનગી મળવાના પગલે સમગ્ર ગુજરાતમાં આનંદ ઉત્ત્સાહ છવાઈ જવા પામ્યો હતો. ઠેર–ઠેર ફટાકડા ફોડી મીઠાઈઓ વહેંચી. એક ઉત્ત્સવની જેમ કેન્દ્ર સરકારના આ નિર્ણયને પ્રજાએ વધાવી લીધો હતો. ભાજપ સુરત શહેર પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાના અધ્યક્ષ સ્થાને "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે પણ ફટાકડા ફોડી મીઠાઈ વહેંચવામાં આવી હતી. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત કેન્દ્રિય મંત્રી શ્રી પુરૂષોતમભાઈ રૂપાલાજીએ જણાવ્યું કે નર્મદા સરદાર સરોવર ડેમ યોજનાએ ગુજરાતના વિકાસ માટે શિરમોર સમાન છે. તત્કાલિન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂએ વર્ષ ૧૯૬૧ના દિવસે નર્મદા ડેમ યોજનાનું ખાતમૂહુર્ત કર્યુ હતું. આજે આ યોજનાના ખાતમૂહુર્ત કર્યાને ૫૬–૫૬ વર્ષ વીતી ગયા. પરંતુ વિકાસને બદલે માત્ર રાજકારણમાં જ રચી–પચી રહેતી કોંગ્રેસે કયારેય વિકાસના કામોમાં રસ દાખવ્યો નથી. કોંગ્રેસની મોટાભાગની યોજના માત્રને માત્ર કાગળ પુરતી અથવા ખાતમૂહુર્ત પુરતી જ સિમીત રહેતી હોય છે.

નર્મદા ડેમનું પણ માત્ર ખાતમૂહુર્ત કરીને ગુજરાતની પ્રજાને મૂર્ખ બનાવનાર કોંગ્રેસે આ યોજના તો પૂર્ણ ન કરી પરંતુ આ યોજના પૂર્ણ ન થાય તે માટેના પણ અનેક પ્રયત્નો કર્યા હતા. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ યોજના ગુજરાતના ખેડૂતો તથા પાડોશી રાજ્યોના ખેડૂતો માટે આશીર્વાદ સમાન હોઈ નર્મદા ડેમની ઉંચાઈ વધારવા માટે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જે–તે સમયે અમદાવાદ ખાતે ઉપવાસ ઉપર ઉતર્યા હતા. તે સમયે પણ કોંગ્રેસ સિવાયની તમામ પાર્ટીઓએ નરેન્દ્રભાઈને સમર્થન આપ્યું હતું. નરેન્દ્રભાઈના આ

આંદોલનમાં સાધુ–સંતો, યુવાનો, વડીલો, બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. જેના પગલે નર્મદા ડેમની ઉંચાઈ વધારવામાં સફળતા મળી હતી. નર્મદા ડેમની ઉંચાઈ બાદ ડેમને દરવાજા લગાડવાની પરવાનગી આપવાની તે સમયની કેન્દ્રની કોંગ્રેસ સરકારે સ્પષ્ટ ના પાડી દીધી હતી અને ફરીથી નર્મદા યોજના વિલંબમાં પડી હતી. પરંતુ વર્ષ ૨૦૧૪માં ગુજરાતના સપૂત નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બનતાની સાથે જ ૧૭માં દિવસે જ તેમણે સરદાર સરોવર ડેમને દરવાજા લગાડવાની પરવાનગી આપી દીધી હતી. રાજ્ય અને દેશના વિકાસ માટે ખૂબ ઉપયોગી એવી આ સરદાર સરોવર યોજના પૂર્ણ ન થાય તે માટે કોંગેસે તમામ કાવાદાવા અપનાવ્યા હતા. પરંતુ ગુજરાતના સપુત અને આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિના પગલે આજે નર્મદા સરદાર સરોવર યોજના સાચા અર્થમાં પૂર્ણ થઈ છે. આ યોજનાથી ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશની જનતાને ખૂબ મોટો લાભ મળશે.

સરદાર સરોવર ડેમના દરવાજા બંધ કરવાની પરવાનગી મળતા જ ગુજરાત સરકારે પણ ક્ષણનો વિલંબ કર્યા વગર આજેને આજે જ દરવાજા બંધ કરવાની કામગીરી પૂર્ણ કરી દીધી છે તે બદલ રૂપાલાજીએ ગુજરાત સરકારને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ આ આનંદ ઉત્ત્સવની સમયસર ઉજવણી કરવા બદલ ભાજપ સુરત શહેર પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આજના આનંદ ઉત્ત્સવના કાર્યક્રમમાં શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, ગુજરાત વિધાનસભાના દંડક શ્રી અજયભાઈ ચોકસી, સુરત મહાનગરપાલિકાના મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ધારાસભ્ય શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રમુખ/મહામંત્રીશ્રીઓ સહિતના શહેર હોદ્દેદારો, મહાનુભાવો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.